Paper Code - 3512

B.A. Semester-III (SOCIOLOGY)
July-September-2021
CC-303 સામાજિક માનવશાસ્ત્ર

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો :** ૫૦ **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો :** ૩૫

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

1. સામાજિક માનવશાસ્ત્રનું સૌપ્રથમ નામાભિધાન કોણે કર્યું?
   A. જેમ્સ કેયરે B. હોવેલ C. કોબર D. ઈવાન પ્રિચાર્ડ
2. સામાજિક માનવશાસ્ત્ર કયા માનવશાસ્ત્રની પેટા શાખા છે?
   A. માનવજાતિ વિજ્ઞાન B. સાંસ્કૃતિક માનવશાસ્ત્ર C. શારીરિક માનવશાસ્ત્ર D. એક પણ નહી
3. એશિયાટીક સોસાયટી ઓફ બંગાળની સ્થાપના કોણે કરી?
   A. એડવર્ડ ટાયરેલ B. અંનતકિશ્રી સૈયર C. સર વિલિયમ જોન્સ D. જેમ્સ ફેઝેર
4. ડા. એલ. પી. વિદ્યાર્થી ભારતમાં સામાજિક માનવશાસ્ત્ર માટે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ઈ.સ. 1950 થી પછીનો સમયગાળો કયાં તબકકા તરીકે ઓળખાવે છે?
   A. વિકાસનો તબકકો B. આરંભિક તબકકો C. ઉદભવનો તબકકો D. વિશ્લેષણ તબકકો
5. સંસ્કૃતિની પ્રેષણાની કેટલી રીતો છે?
   A. એક B. બે C. ત્રણ D. ચાર
6. કોઈ બે વિભિન્ન સમાજો, સંસ્થાઓ અને સંસ્કૃતિ વચ્ચેની સામ્યતા અને ભિન્નતા શોધવા માટેની અભ્યાસ પધ્ધતિ...
   A. પ્રયોગ પધ્ધતિ B. તુલનાત્મક પધ્ધતિ C. કાર્યાત્મક પધ્ધતિ D. એક પણ નહી
7. ભારતમાં માનવશાસ્ત્રને ઉદભવ અને વિકાસ એ કોની દેણગી છે?
   A. કુદરતી B. પૂર્વની C. દક્ષિણી D. પશ્ચિમી
8. વસ્તુઓનું આદાન પ્રદાન કે પારસ્પરિક બદલો આપવાની પ્રવૃત્તિ એટલે...
   A. વિનિમય B. મિલકત C. દેવું D. ઉત્પાદન
9. ભારતમાં ભૌગોલિક દષ્ટિએ કયાં આદિવાસી વિસ્તારમાં સૌથી ઓછી આદિવાસી વસ્તી વસવાટ કરે છે?
   A. ઉત્તર – ઉત્તરપૂર્વ વિસ્તાર B. મધ્ય વિસ્તાર C. દક્ષિણ વિસ્તાર D. એક પણ નહી
10. ભૂતકાલીન બનાવો, પ્રક્રિયાઓ કે ઘટનાઓને લગતી માહિતી એટલે?
    A. ઐતિહાસિક માહિતી B. અવૈજ્ઞાનિક માહિતી C. વર્તમાન માહિતી D. એકપણ નહી
11. સુષુપ્ત વિકાસ ક્ષમતાઓનું આપમેળે પ્રગટ થવું એટલે...
    A. આત્મીકરણ B. પ્રસરણ C. ઉત્ક્રાંતિ D. સાંસ્કૃતિગ્રહણ
12. આદિવાસી અર્થવ્યવસ્થા..... છે.
    A. મૂડીવાદી B. નિર્વાહલક્ષી C. બજારલક્ષી D. બચત અને નફાલક્ષી
13. અઠવાડિક બજારો આદિવાસી સંસ્કૃતિના..... સમાન છે.
    A. એજન્ટ B. વેચાણ C. વાહક D. દર્પણ
14. સાંસ્કૃતિક માનવશાસ્ત્ર ની કઈ પેટાશાખામાં સમકાલીન આદિવાસીઓનો અભ્યાસ કરવામાં આવે છે?
    A. સાંસ્કૃતિક માનવશાસ્ત્ર B. શારીરિક માનવશાસ્ત્ર C. પુરાતત્વશાસ્ત્ર D. ભાષા વિજ્ઞાન
15. માનવશાસ્ત્રના પિતા તરીકે કોને બિરૂદ આપવામાં આવ્યું છે?
    A. એરિસ્ટોટલ B. હેનરી મેઈન C. ડાર્વિન D. ક્રિષ્નઐયર
16. સામાજિક માનવશાસ્ત્રનું જ્ઞાન કઈ સમસ્યાઓના નિવારણમાં ઉપયોગી બને છે?
    A. જાતિવાદ ની સમસ્યા B. ઔદ્યોગિક સમસ્યા C. યુધ્ધ કાલીન સમસ્યા D. ઉપરોકત ત્રણેય
17. માનવશાસ્ત્ર એ માનવીના જૂથો તેના વર્તનોનું અભ્યાસ કરતું શાસ્ત્ર છે – આ વ્યાખ્યા કોણે આપી છે?
    A. મજુમદાર B. કોબર C. સ્ટર્ન D. એક પણ નહી
18. જર્મલ ઓફ એન્થ્રોપોલોજિકલ સોસાયટી ઓફ બેંગ્લોર કયા વર્ષમાં શરૂ થયું?
    A. 1886 B. 1876 C. 1866 D. 1856
19. સુનીતકુમાર ચેટરજી ભારતના આદિવાસીઓને ભાષાકીય દષ્ટિએ કેટલા ભાગમાં વહેચે છે?
    A. બે B. ત્રણ C. ચાર D. સાત
20. આત્મીકરણ એ સંસ્કૃતિની ..... પ્રક્રિયા છે.
    A. વૃધ્ધિ વિકાસની B. વિકાસની C. પરિવર્તન D. એકપણ નહી
21. સંસ્કૃતિ શબ્દ..... શબ્દથી ઉદભવે છે?
    A. ગ્રીક B. ફારસી C. લેટિન D. અરબી
22. સંસ્કૃતિગ્રહણ અને સમાજીકરણ વચ્ચે ભેદ દર્શાવનાર વિદ્યાનોમાં સર્વપ્રથમ કોણ હતા?
    A. માર્ગારેટ મીક B. મેલિનો વસ્કી C. કયુવર D. બ્રાઉન
23. જૈવિક ઉત્ક્રાંતિ નો સિધ્ધાંત રજૂ કરનાર કોણ હતા?
    A. દુર્ખાઈમ B. ડાર્વિન C. મર્ટન D. શ્રીનિવાસ
24. આદિવાસીઓ માટે પંચશીલનો સિધ્ધાંત આપનાર કોણ હતા?
    A. પંડિત જવાહરલાલ નહેરૂ B. મહાત્મા ગાંધીજી C. સરદાર પટેલ D. ડા. આંબેડકર
25. સુગ્રથનના હિમાયત કરનાર વિધ્વાનો માં ..... હતા?
    A.મજુમદાર મદન B. નરેન્દ્ર દત્ત–મજુમદાર C. ટાયબર D. વેરિયર–એલ્વીન

26. માનવશાસ્ત્રની લાક્ષણિકતાઓ નીચેનામાંથી કઈ છે?
A. પ્રાકૃતિક વિજ્ઞાન છે B. સામાજિક વિજ્ઞાન છે C. ઈતિહાસનું વિજ્ઞાન છે D. ઉપરના બધા જ

27. પરસંસ્કૃતિકરણ એ સંસ્કૃતિની એક એવી પ્રક્રિયા છે?
A. સામાજિક B. આર્થિક C. બંન્ને D. એક પણ નહી

28. સામાજિક ઉત્ક્રાંતિનાં ખ્યાલની કેટલીક ત્રુટીઓ તરફ કોણે ધ્યાન દોર્યું છે?
A. જોર્ડન B. ક્રોબર C. મેકાઈવર અને પેજ D. એક પણ નહી

29. સામાજિક માનવશાસ્ત્રમાં કઈ સદીથી પ્રશિક્ષિત નિરીક્ષણની શરૂઆત થઈ?
A. 18 મી સદી B. 19 મી સદી C. 20 મી સદી D. 21 મી સદી

30. બધા જટિલ જથ્થાને સંસ્કૃતિમાં સમાવેશ થાય છે. સંસ્કૃતિનો આ અર્થ કોણે આપ્યો છે?
A. મેકસ વેબર B. દુર્ખિમ C. મેકાઈવર D. રોબર્ટ બર્સ્ટેડ્રટ

31. માનવશાસ્ત્ર નું શિક્ષણ શરૂ કરનાર પ્રથમ યુનિવર્સિટી કઈ હતી?
A. કલકત્તા યુનિવર્સિટી B. લખનૌ યુનિવર્સિટી C. મુંબઈ યુનિવર્સિટી D. એકપણ નહી

32. સંસ્કૃતિની પ્રેષણાની કઈ બે રીતો છે?
A. ઔપચારિક અને અનૌપચારિક B. રૈખિક અને અરૈખિક C. A અને B બંન્ને D. એક પણ નહી

33. આદિવાસીઓનું મૂળ નિવાસ કયું છે?
A. ગામડું B. ખેતર C. શહેર D. જંગલ

34. મંગોલ જાતિના આદિવાસીઓ કયા વિસ્તારમાં જોવ મળે છે?
A. આસામ B. હિમાચલ પ્રદેશ C. ઉત્તર પ્રદેશ D. તમામ

35. બિહારના ચાના બગીચામાં કામ કરતાં આદિવાસીઓ કઈ જાતિના છે?
A. કાદરા B. સંથાલ C. કુમરા D. એકપણ નહી

36. સામાન્ય રીતે વય અને લિંગના આધારિત કાર્યવિભાજન ને..... કહેવાય?
A. સાદુશ્રમવિભાજન B. જટિલ શ્રમ વિભાજન C. A અને B બંન્ને D. એકેય નહી

37. દેવુ એ..... છે.
A. રિવાજ B. વ્યવહાર C. સમસ્યા D. એકેય નહી

38. ભારતીય માનવશાસ્ત્ર કેટલી સદીનો ઈતિહાસ ધરાવે છે?
A. એક B. બે C. ત્રણ D. ચાર

39. આદિવાસી અર્થવ્યવસ્થામાં ઉત્પાદનનું એકમ..... છે?
A. કારખાનું B. બજાર C. કુટુંબ D. આધુનિક ટેકનોલોજી

40. આદિવાસી સમુદાયમાં કેવા પ્રકારનાં યંત્ર વિજ્ઞાનનો ઉપયોગ થાય છે?
A. સાદા અને નિમ્ન B. મધ્યમ C. આધુનિક D. એકપણ નહી

41. આદિવાસીઓ કોનાપર નિર્ભર જીવન જીવે છે?
A. કુદરત પર B. સરકાર C. સેવા પર D. બીજાના પર

42. સામાજિક માનવશાસ્ત્રની આગવી પધ્ધતિ શેના પર આધારિત છે?
A. ક્ષેત્ર નિરીક્ષણ B. કમ્પ્યુટર C. ગ્રંથાલય D. એકપણ નહી

43. કયાં બ્રિટીશ અધિકારીએ મુંબઈમાં એન્થ્રોપોલોજીકલ સોસાયટીની સ્થાપના કરી?
A. અંનતકિષ્ન ઐયરે B. સર જેમ્સ ફ્રેઝર C. એડવર્ડ ટાયરેલ લિથ D. વિલિયમ જેમ્સ

44. 20 મી સદીમાં સંસ્કૃતિ શબ્દનો અર્થ કયા સંદર્ભે વપરાતો હતો?
A. સામાવિક વારસો B. જીવનશૈલી C. બુધ્ધિકલા અને નિતીમત્તા D. સર્જનાત્મકતા

45. સંસ્કૃતિને શીખેલા વર્તનની બ તરીકે કયા માનવશાસ્ત્રસી ઓળખાવે છે?
A. ઈ.બી. ટાયરલ B. લિંટન C. બર્સ્ટેડ્રટ D. કયુલર

46. સુષુપ્ત વિકાસ ક્ષમતાઓનું આપમેળે પ્રગટ થવુ એટલે.....
A. ઉત્ક્રાંતિ B. આત્મિકરણ C. સંસ્કૃતિપ્રસરણ D. સંસ્કૃતિગ્રહણ

47. આદિવાસીમાં સ્થાનિક વિસ્તારોમાં અમુક ચોકકસ દિવસે ભરાતી બજારોને શું કહેવાય છે?
A. હાટ B. હાંડી C. પીઠા D. ઉપરોકત ત્રણેય

48. ચામડીનો રંગ કાળો, નાક ચપટુ અને પહોળું માથુ, હોઠ મોટા અને જાડા હોય તેવા શારીરિક લક્ષણો ધરાવતા આદિવાસીઓ કયા જાતિ તત્વો ધરાવે છે?
A. પ્રોટો ઓસ્ટ્રોલોઈડ B. મંગોલ જાતિ C. નિગ્રીટો D. બધા જ પ્રકાર

49. પંજાબી, સિંધી, હિન્દી, ગુજરાતી, બિહારી, બંગાળી, રાજસ્થાની, મરાઠી, કોંકણી, ઉડિયા વગેરે ભાષાઓનો સમાવેશ કયા ભાષાકુળમાં થાય છે?
A. આર્યન ભાષાકુળ B. દ્રાવીડિયન ભાષાકુળ C. કિરાત ભાષાકુળ D. એકપણ નહી

50. ઈન્ડિયન કોન્ફરન્સ ઓફ સોશ્યલ વર્ક નામની સંસ્થાઓ 1952 માં કઈ સમિતિની રચના કરી?
A. આદિવાસી કલ્યાણ સમિતિ B. આદિવાસી વિકાસ બોર્ડ C. માનવ કલ્યાણ સમિતિ D. સોશિયલ સાયન્સ કોન્ફરન્સ